| | |
|---|---|
| | દાખલ તારીખ :: ૨૧/૦૫/૨૦૨૧ |
| | રજી. તારીખ : ૨૧/૦૫/૨૦૨૧ |
| | નિકાલ તારીખ : ૧૫/૧૨/૨૦૨૫ |
| | સમય:- વ. મા. દિ. |

## IN THE COURT OF ADDITIONAL CIVIL JUDGE AND JUDICIAL MAGISTRATE FIRST CLASS, AT:-RAJPIPLA, Dist: NARMADA

**ફોજદારી કેસ નંબર:-૮૬૮/૨૦૨૧**

**આંક :**

**ફરિયાદી : શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડના જવાબદાર અધિકારી મેહુલકુમાર ગણપતસિંહ રાઉલજી મારફતે**
બ્રાંચ ઓફીસ : બીજા માળે, સેન્ટર પોઈન્ટ, બેંક ઓફ બરોડાની સામે, સ્ટેશન રોડ, રાજપીપલા, તા.નાંદોદ, જી.નર્મદા.

***વિરુધ્ધ***

**આરોપી : શૈલેષભાઈ અર્જુનભાઈ વસાવા**
રહે. આદીવાસી ફળીયું, મુ. જેસલપોર, નાંદોદ, જી.નર્મદા.

## ગુન્હો: નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ

ફરિયાદ પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી એ.એચ.પંડયા
આરોપી પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી એન.પી.લીમ્બાચીયા

# // ઠરાવ //

(૧). ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડ નામની રજીસ્ટર્ડ કંપનીના જવાબદાર અધિકારી છે અને શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડ ધી કંપનીઝ એકટ ૧૯૫૬ ના કાયદા અન્વયે નોંધાયેલ કંપની છે જે જુદી જુદી સ્કીમો હેઠળ ઈન્વેસ્ટમેન્ટ લીઝ, હાયપોથીકેશન અને જુના તથા નવા વાહનો માટે ધિરાણ પુરું પાડવાનો ધંધો કરે છે. આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી પોતાના વ્હીકલ માટે લોનની માંગણી કરેલ અને આરોપીએ ફરીયાદી પાસે હાયર પરચેઝ કમ લોન એગ્રિમેન્ટ કરેલ અને ત્યારબાદ ફરીયાદીએ આરોપીને તા. ૨૬/૦૨/૨૦૧૯ ના રોજ રૂા. ૧,૮૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ એંસી હજાર પુરા ) ની લોન આપેલ. આમ, આરોપીએ પોતાના વાહન નં. જીજે.૨૨.સી.૦૧૨૬ માટે લોન મેળવેલી. જે આરોપીના વાહનની આર.સી. બુકમાં હાયપોથીકેશનની નોંધ ફરીયાદી શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડના નામે છે તેમજ ફરીયાદીએ આરોપી સાથે કરેલ હાયપોથીકેશન કમ લોન એગ્રિમેન્ટનો નં. RAJPIT 9O5290002 છે.

આ કામના આરોપી ફરીયાદીએ આપેલ લોનના હપ્તા ભરવામાં નિયમીત ન હોવાથી આરોપીને ફરીયાદીએ લોનના હપ્તા ભરવા માટે વારંવાર મૌખિક તથા લેખિત નોટીસ પાઠવીને જાણ કરતા આરોપી ફરીયાદીની બ્રાંચ ઓફીસે આવેલા અને ફરીયાદીની રૂબરૂમાં સહી કરીને આરોપીએ પોતાના કાયદેસરની નાણાં ચુકવવાની જવાબદારી સ્વીકારીને ફરીયાદીને લોનના બાકી લેણા પેટે આરોપીની બેંક વિજયા બેંક રાજપીપલા શાખાના ખાતાનો તા.૨૨/૩/૨૦૨૧ ના રોજના રૂા. ૧,૮૦,૦૦૦/– (અં

કે રૂપિયા એક લાખ એંસી હજાર પુરા ) નો ચેક નં. ૪૪૦૪૦૧ આપેલ અને ચેક સ્વીકારાઈ જશે તેવો વિશ્વાસ આપેલો. જેથી ફરીયાદીએ ઉપરોકત વર્ણનવાળો ચેક ચુકવણા માટે એકસીસ બેંક, રાજપીપલા શાખામા તા. ૨૩/૩/૨૦૨૧ ના રોજ રજુ કરતા મજકુર ચેક તા. ૨૪/૩/૨૦૨૧ ના રોજ વણચુકવાયે '' ફંડ ઈનશફીશીયન્ટ '' ના શેરા સાથે પરત ફરેલ. જેથી આ કામના આરોપીને તા. ૦૮/૦૪/૨૦૨૧ ના રોજની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની નોટીસ રજી.પોસ્ટથી આરોપીના રહેઠાણના સરનામે મોકલવામાં આવેલી જે નોટીસ આરોપીને મળી ગયેલ છે. આમ, આ કામના આરોપીએ નોટીસ મળી ગયેલ હોવા છતાં નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે નોટીસ મળ્યા તારીખથી દિન−૧૫ માં આ કામના આરોપીએ ચેકમાં જણાવ્યા મુજબની રકમની કોઈ ચુકવણી કરેલ નથી. જેથી ફરીયાદીને આરોપી સામે હાલની ફરીયાદ દાખલ કરવાની ફરજ પડેલ છે અને આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧ ૩૮ હેઠળ ગુનો દાખલ કરી તે કામે પુરાવો લઈ આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરી આરોપીને પકડી મંગાવી યોગ્ય નશ્યત કરી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૫૭ મુજબ ફરીયાદીને ફરીયાદમાં જણાવેલ ચેકની રકમ વળતર પેટે અપાવવા અને અત્રેની અદાલતને ન્યાયી લાગે તેવી તમામ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨). ફરીયાદીએ ફરીયાદ દાખલ કરી આરોપી સામે ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:− ૨૦૪ અન્વયે પ્રોસેસનો હુકમ કરેલ હોઈ સમન્સની બજવણી થતાં આરોપી પોતાના વ.શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:−૨૦૭ મુજબ આરોપીને ફરિયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિનામૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:−૨૫૧

અન્વયે આરોપીનું આંક–૭ થી નિવેદન લેવામાં આવતાં આરોપીએ ફરીયાદપક્ષનો આક્ષેપ કબુલ ન હોઈ અને હાલના આક્ષેપના કામે પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.વધુમા સદરહુ કેસની કાર્યવાહી ‘સમન્સ ટ્રાયલ તરીકે ચલાવવામા આવેલ છે.

(૩). આ કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના આક્ષેપ સાબીત કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવો:–</u>**

| અ.નં. | સાહેદનું નામ. | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી મેહુલકુમાર ગણપતસિંહ રાઉલજીની જુબાની | ૪ |

**<u>દસ્તાવેજી પુરાવો:–</u>**

| અ.નં. | ફરીયાદપક્ષ તર્ફે દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧. | તકરારી ચેક નં. ૪૪૦૪૦૧ અસલ | ૨૪ |
| ૨. | રીટર્ન મેમો | ૨૫ |
| ૩. | આરોપીને આપેલ નોટીસ ઓફીસ કોપી | ૨૬ |
| ૪. | આરોપીને રજી.પો.એડી. થી નોટીસ મોકલેલ તેની પોસ્ટ ખાતા તરફથી આપવામાં આવેલ રસીદ | ૨૭ |

| | | |
|---|---|---|
| ૫. | આરોપીને નોટીસ બજેલ તેનો પોસ્ટ ખાતાનું એકનોલેજમેન્ટ | ૨૮ |
| ૬. | આરોપીના સ્ટેટમેન્ટ ઓફ બેન્ક એકાઉન્ટની નકલ | ૨૯ |
| ૭. | ફરીયાદીને ફરીયાદ સંદર્ભે આપવામાં આવેલ પાવર ઓફ એટર્નીની નકલ | ૩૦ |
| ૮. | પોસ્ટ ખાતાનો ટ્રેકીંગ રીપોર્ટ | ૩૧ |
| ૯. | આરોપી અને તેના જામીનદારને આપવામાં આવેલ નોટીસ | ૩૨ |
| ૧૦. | ધિરાણ અરજી | ૩૭ |
| ૧૧. | લોન સેનસન લેટર | ૩૮ |
| ૧૨. | ધિરાણ કરાર (લોન એગ્રીમેન્ટ) | ૩૯ |
| ૧૩. | લોન ખાતા ( સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ) | ૪૦ |
| ૧૪. | ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫ બી મુજબનું પ્રમાણપત્ર | ૪૧ |
| ૧૫ | પાવર ઓફ એટર્ની | ૪૨ |
| ૧૬ | એમ્પ્લોઈ આઈ.ડી. કાર્ડની નકલ | ૪૩ |

**(૪).** ફરીયાદપક્ષે ત્યારબાદ આંક–૫૦ થી તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવા અંગેની કલોઝિંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૫).** ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:– ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન રેકર્ડ કરવામા આવતા તેમા જણાવેલ છેકે,અગાઉ આપેલ ચેકનો ખોટી રીતે દુરુપયોગ કરેલ છે ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદીને કોઈ રકમ આપવાની રહેતી નથી અને અમોને કોઈ રકમ ફરીયાદીએ આપેલ નથી.અમો નિર્દોષ છીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. ત્યારબાદ ફરીયાદીપક્ષ તરફે વિ.વ.શ્રી ની અને આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો ધ્યાને લીધી.

**(૬).** આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## // મુદ્દા //

૧. *શું ફરિયાદપક્ષ સાબિત કરે છે કે, આરોપીએ પોતાના કાયદેસરના દેવા ની જવાબદારી સ્વીકારી આક:૨૪ થી રજુ કરેલ ચેક ફરિયાદીને આપેલ અને તે ચેક ફરિયાદી ધ્વારા પોતાના ખાતામાં જમા કરવામાં આવતા તે ફંડ ઈનશફીશીયન્ટના શેરા સાથે પરત ફરેલા, જે અં ગેની કાયદાકીય નોટીસ આપેલ હોવા છતાં નિર્ધારીત સમય મર્યાદામાં નાણા નહી ચુકવી આપી ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ:–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?*

૨. શું હુકમ ?

**(૭).** ઉપરોકત મુદા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

# // નિ ર્ણ યો //

- **૧.** '' ***નકારમાં***''
- **૨.** આખરી હુકમ મુજબ.

(૮). ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

# // કા ર ણો //

**<u>મુદા નં.૧</u> :–**

(૯). ફરીયાદપક્ષ ના વિ.વ.શ્રી એ મૌખિક દલીલો કરી જણાવેલ છે કે, આરોપીએ ફરીયાદમા જણાવેલ હાથ ઉછીની રકમની વારંવાર માંગણી કરવા છતા પરત કરેલ નહી. અને તેના અનુસંધાને ફરીયાદવાળા ચેકો આપેલ. તે ચેક ફરીયાદી પોતાના ખાતામા રજુ કરતા તે ચેક ફંડ ઈનશફીસીયન્ટના શેરા સાથે તે ચેકનો અસ્વીકાર થયેલ જે બાબતની નોટીસ પણ આ કામના આરોપીએ મોકલેલ હોવાછતા તેઓએ તે ચેકની રકમ ફરીયાદીને આપેલ નથી. જેથી હાલની ફરીયાદ કરેલી અને પોતાની ફરીયાદના સમર્થનમાં પોતે મૌખિક પુરાવો રજુ કરેલ છે તેમજ જરૂરી તમામ દસ્તાવેજી પુરાવા હાલના કેસની હકીકતો પુરવાર કરવા માટે હાલના કેસમા રજુ કરવામા આવેલા છે. ત્યારે કલમ–૧૧૮ તથા ૧૩૯ના અનુમાન મુજબ આરોપી પાસે કાયદેસરનુ લેણુ નીકળતુ હોઈ આરોપીને મહતમ સજા કરવા તેમજ ચેકની રકમ વળતર તરીકે અપાવવા રજુઆત કરેલ છે. જયારે આરોપી તર્ફે મૌખિક કરી જણાવેલ છે કે, હાલના

કામે ફરીયાદીએ એન.આઈ. એકટની કલમ ૧૩૮ મુજબ કાયદેસરનુ દેવુ અથવા તો જવાબદારી પુરવાર કરેલ ના હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૧૦) ઉભયપક્ષકારો ની દલીલ ધ્યાને લીધી. આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના આવશ્યક તત્વો સૌપ્રથમ સાબિત કરવાના રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:– ૧ ૩૮ ના નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના ધ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચૂકવવા ફરિયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરિયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: દેવું અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમય મર્યાદામાં રજૂ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ફંડના કારણે પરત થયેલ

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર(આરોપી)ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં ૧૫

દિવસની સમયમર્યાદામાં ચૂકવી આપેલા નથી.

**(૧૧)** ફરીયાદ પક્ષે તરફથી ઉપરોકત તમામ આવશ્યક તત્વો પુરવાર કરવામાં આવતાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:– ૧૧૮ (એ)ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુઘ્ધનુ સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનુ માની લ ેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વિરુઘ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે પરંતુ બંને જોગવાઈમાં ***''વિરુઘ્ધનુ સાબિત ના થાય તો''*** તેવા શબ્દો પ્ર યોજવામાં આવેલ છે. એટલે કે આ બંન્ને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે. વિરુઘ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનુ ખં ડન સચોટ પુરાવાથી કરવાનુ રહે છે અને આવુ અનુમાન ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

**(૧૨).** ફરીયાદ પક્ષે પોતાના આક્ષેપો પુરવાર કરવા સારૂ સૌ પ્રથમ ફરીયાદપક્ષે ફરીયાદી મેહુલકુમાર ગણપતસિંહ રાઉલજીનાઓએ આંક–૪ ની સરતપાસથી રજુ કરેલ સરતપાસને ઘ્યાને લેવામા આવે તો આંક:–૧ ની ફરીયાદની

હકીકતોને સમર્થનકારક જુબાની આપેલ છે. ત્યારબાદ આ કામના આરોપીના વિ.વ.શ્રી તરફે સદર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત સાચી છે કે, તેઓ કંપનીમાં કયા હોદ્દેથી ફરજ બજાવે છે તે તેમની નોટીસ ફરીયાદ કે સોગંદનામાની સરતપાસમાં જણાવેલ નથી. એ વાત સાચી છે કે, કંપનીએ તેમની નિમણુક કઈ તારીખે કરેલી છે તે તેમની નોટીસ ફરીયાદ કે સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત સાચી છે કે, તેઓ તેમની કંપનીના જવાબદાર અધિકારી છે તે દર્શાવવા માટે તેઓ તેમનુ આઈડી પ્રુફ રજુ કરેલ નથી. એ વાત સાચી છે કે, તેમની ફરીયાદ અને નોટીસમાં કંપનીએ તેમને પાવર ઓફ એટર્નીથી અધિકૃત કરેલ છે તેમ લખેલ નથી. પાવર ઓફ એટર્ની લખાયુ ત્યારે તેઓ તે સ્થળ ઉપર હાજર નહી હતા. પાવર ઓફ એટર્ની તેમને કંપની સેક્રેટરી આપેલું છે. ઓકકસ તારીખ તેમને યાદ નથી. પાવર ઓફ એટર્ની તેમને ૨૦૧૯ માં અપાયેલું છે. એ વાત સાચી છે કે, પાવર ઓફ એટર્નીમાં પ્રત્યેક પેજ પર તેમની સહી આવેલ નથી.

એ વાત સાચી છે કે, તેમણે હાલના કામે તેમની કંપની ધ્વારા તેમને આપવામાં આવેલ આઈડી કાર્ડની નકલ પણ રજુ કરેલ નથી.

સવાલ – હાલની ફરીયાદ તમે પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે કરેલી છે તેનો ઉલ્લેખ તમારી ફરીયાદ કે સરતપાસમાં કરવામાં આવેલ નથી ?

જવાબ – સરતપાસમાં કરેલ છે.

હાલના કામે જે પાવર ઓફ એટર્ની તેમણે રજુ કરેલ છે તે તેમની કંપનીના કંપની સેક્ર ેટરી ધ્વારા આપવામાં આવેલ છે. આ પાવર ઓફ એટર્ની લખાતુ હતુ તે દરમિયાન તેઓ

તે સ્થળે ઉપસ્થિત થતા નહીં.

સવાલ – તમે કંપની સેક્રેટરીને આ બાબતે સાક્ષી તરીકે તપાસવા માટે ખુશી છો ?

જવાબ – તે બાબતે મને પુછવુ પડશે.

એ વાત સાચી છે કે, કંપની સેક્રેટરી કંપનીના માલિક ગણાય નહીં. એ વાત સાચી છે કે, આ પાવર ઓફ એટર્નીનો જે સ્ટેમ્પ છે તે કંપની સેક્રેટરી અથવા તેમના નામનું લેવામાં આવેલ નથી. એ વાત સાચી છે કે, પાવર ઓફ એટર્ની તેમની હાજરીમાં કરવામાં આવેલ નથી તેથી તેના સાક્ષી કોણ હતા તે બાબતે તેઓ જાણે નહી. એ વાત સાચી છે કે, આ પાવર ઓફ એટર્નીમાં પ્રત્યેક પાના ઉપર તેમની સહી આવેલ નથી. એ વાત સાચી છે કે, આ પાવર ઓફ એટર્નીમાં પાવર આપનાર કંપની સેક્રેટરીનો ફોટો કે તેમનો આઈડી પ્રુફ આવેલ નથી.

સવાલ – આ પાવર ઓફ એટર્ની માત્ર આ જ આરોપી લગત કેસ માટે કરવામાં આવેલ છે તેવું ઉલ્લેખ નથી ?

જવાબ – નાજી તેવો ઉલ્લેખ નથી.

આવું પાવર ઓફ એટર્ની પ્રત્યેક શાખા દીઠ આપવામાં આવે છે જેમાં તે શાખા દ્વારા જે કોઈ કેસો કરવાના થતા હોય તેમાં તે મુકી શકાય.

સવાલ – આ પાવર ઓફ એટર્ની જે નોટરી વકીલ રૂબરૂ કરવામાં આવેલ છે શું તમે તે નોટરી વકીલને સાક્ષી તરીકે તપાસવા ખુશી છો ?

જવાબ – હાજી.

એ વાત સાચી છે કે, તેમણે હાલના કામે અસલ પાવર ઓફ એટર્ની રજુ કરેલ નથી

તે ઝેરોક્ષ છે. તેઓ જયારે કોઈ ગ્રાહકને લોન આપે તો તેમની પાસેથી લોન અરજી લઈએ છે. એ વાત સાચી છે કે, આવી કોઈ લોન અરજી હાલના કામે રજુ કરવામાં આવેલ નથી. સાક્ષી જણાવે છે કે, જો રજુ કરવા માટે કહેવામાં આવે તો રજુ કરવા માટે ખુશી છે. એ વાત સાચી છે કે, લોન અરજીની તારીખ તેમણે તેમની નોટીસ, ફરીયાદ કે સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ નથી. લોન આપતી વખતે આરબીઆઈના હુકમ મુજબ કે.વાય.સી. ના દસ્તાવેજો તેમજ જે વાહન ઉપર લોન આપવામાં આવે છે તે વાહનના દસ્તાવેજો પ્રાપ્ત કરીએ છીએ. એ વાત સાચી નથી કે, જયારે તેમની કંપની કોઈ ગ્રાહકને લોન આપે છે ત્યારે તેની પાસેથી કોરા સિકયુરીટી પેટે ચેક લે છે. આ કામે લોન આપવાની કામગીરી તેમના કંપનીના એકઝીકયુટીવે કરેલ છે. હાલ તેમને આ એકઝીકયુટીવનુ નામ યાદ નથી.

સવાલ – આ લોન આપનાર વ્યકિતને તમે પોતાના સાક્ષી તરીકે તપાસવા માટે ખુશી છો ?

જવાબ – આ લોન આપનાર વ્યકિત હાલ કંપનીમાં છે કે કેમ તેની તેમને ખબર નથી તેથી તે સબંધે તેઓ કહી શકે નહિ.

એ વાત સાચી નથી કે, આવી લોન આપતી પહેલા ચકાસણી રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે. આ કામે જયારે લોન એગ્રીમેન્ટ થયેલું ત્યારે તેઓ ત્યાં ઉપસ્થિત હતા નહીં. એ વાત સાચી છે કે, હાલના વ્યવહારનું લોન એગ્રીમેન્ટ હાલના કામે રજુ કરેલ નથી. સાક્ષી જણાવે છે કે, કહેવામાં આવે તો રજુ કરવા માટે ખુશી છું. એ વાત સાચી છે કે, અમે હાલની ફરીયાદ દાખલ કરતા પહેલા આરોપીને જે ફરીયાદ મુજબ વારંવાર નોટીસો આપેલી છે તે નોટીસોની નકલ હાલના કામે રજુ કરેલ નથી. સાક્ષી જણાવે છે કે, કહેવામાં આવે તો રજુ કરવા માટે ખુશી છું.

તેઓ તેમની સાથે આરોપી ઘ્વારા ધિરાણ માટે તેમની કંપની સમક્ષ રજુ કરવામાં આવેલ ધિરાણ અરજીની પ્રમાણિત નકલ લઈને આવેલ છે જેમાં આરોપીની સહી છે જે દસ્તાવેજ સદર સાક્ષી પોતાની જુબાની દરમ્યાન રીફર કરી રજુ કરતા હોય, તેને રજુ દાખલ આંક–૩૫ આપવામાં આવેલ છે. તેઓ તેમની સાથે લોન માટેનું લોન સેનશન લ ેટરની પ્રમાણિત નકલ લઈને આવેલ છે જેમાં આરોપીની સહી છે. જે દસ્તાવેજ સદર સાક્ષી પોતાની જુબાની દરમ્યાન રીફર કરી રજુ કરતા હોય, તેને રજુ દાખલ આંક–૩૬ આપવામાં આવેલ છે. તેઓ તેમની સાથે આરોપી અને તેમની કંપની વચ્ચે થયેલ ધિરાણ કરારની પ્ર માણિન નકલ લઈને આવેલ છે જેમાં આરોપી તેમજ તેમના જામીનદાર તથા તેમના સબં ધિત શાખાના મેનેજરની સહી છે જે દસ્તાવેજ સદર સાક્ષી પોતાની જુબાની દરમ્યાન રીફર કરી રજુ કરતા હોય, તેને રજુ દાખલ આંક–૩૭ આપવામાં આવેલ છે. તેઓ તેમની સાથે આરોપીના લોન ખાતા માટે તેમની કંપની ઘ્વારા નિભાવવામાં આવતા લોન ખાતાની કમ્પ્યુટર પ્રાપ્ત પ્રિન્ટઆઉટની નકલ લઈને આવેલ છે જેમાં શાખા મેનેજર તરીકે તેમની સહી તેમજ તેમના કંપનીનો સિકકો છે જે દસ્તાવેજ સદર સાક્ષી પોતાની જુબાની દરમ્યાન રીફર કરી રજુ કરતા હોય, તેને રજુ દાખલ આંક–૩૮ આપવામાં આવેલ છે. તેઓ તેમની સાથે સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ માટે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫ બી મુજબનું પ્રમાણપત્ર અસલ લઈને આવેલ છે જેમાં શાખા મેનેજર તરીકે તેમની સહી તેમજ તેમની કંપનીનો સિકકો છે જે દસ્તાવેજ સદર સાક્ષી પોતાની જુબાની દરમ્યાન રીફર કરી રજુ કરતા હોય, તેને રજુ દાખલ આંક–૩૯ આપવામાં આવેલ છે. તેઓ તેમની સાથે તા.૯/૧૧/૨૦૧૯ અને તા.૬/૨/૨૦૨૦ તેમ આરોપી તથા તેના જામીનદારને આપવામાં આવેલ નોટીસની પ્રમાણિત નકલ લઈને આવેલ

છે જે દસ્તાવેજ સદર સાક્ષી પોતાની જુબાની દરમ્યાન રીફર કરી રજુ કરતા હોય, તેને રજુ દાખલ આંક–૭૦ અને ૭૧ આપવામાં આવેલ છે. તેઓ તેમની સાથે હાલની ફરીયાદ દાખલ કરવા માટે જે પાવર આપવામાં આવેલ તેની પ્રમાણિત નકલ લઈને આવેલ છે જે દસ્તાવેજ સદર સાક્ષી પોતાની જુબાની દરમ્યાન રીફર કરી રજુ કરતા હોય, તેને રજુ દાખલ આંક–૭૨ આપવામાં આવેલ છે. તેઓ તેમની સાથે તેમના એમ્પ્લોઈ આઈ.ડી.કાર્ડ ની પ્રમાણિત નકલ લઈને આવેલ છે જે દસ્તાવેજ સદર સાક્ષી પોતાની જુબાની દરમ્યાન રીફર કરી રજુ કરતા હોય, તેને રજુ દાખલ આંક–૭૩ આપવામાં આવેલ છે.

એ વાત સાચી છે કે, હાલના કામે તેમણે જે લોન અરજી, સેન્શન લેટર, લોન એગ્ર ીમેન્ટ અને સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ રજુ કરેલા છે તે તમામ અંગ્રેજી ભાષામાં છે. એ વાત સાચી છે કે, આ તમામ તૈયાર કરેલા દસ્તાવેજોમાં તેઓ માત્ર ગ્રાહકોની સહીઓ લ ે છે. એ વાતની તેમને ખબર નથી કે, આ કામના આરોપી માત્ર ગુજરાતી ભાષા જાણે છે અને ગુજરાતી ભાષામાં સહી કરે છે કે કેમ ? એ વાત સાચી છે કે, હાલના કામે તેમણે જે લોન અરજી રજુ કરેલી છે તેમાં આરોપીની Preferred Language માં ગુજરાતી એમ લખેલ છે. એ વાત સાચી છે કે, તેમની ફાઈનાન્સ કંપની રિઝર્વ બેન્ક ધ્વારા નકકી કરવામાં આવેલ વ્યાજ દર વસુલ લેવા હકકદાર છે. એ વાત સાચી છે કે, હાલના કામે રજુ કરવામાં આવેલ લોન સેન્કશન લેટર માં ૨૦ % વ્યાજ દર અને ૩૬ % ડીલે પેમેન્ટ ઈન્ટરેસ્ટ જે લખેલ છે તે કયા આધારે લખેલ છે તેવા દસ્તાવેજો રજુ કરેલા નથી. લોન આપતી વખતે વાહનની વેલ્યુએશન કેટલી આકારવામાં આવેલી તે હાલ તેમને યાદ નથી.

સવાલ – હાલના કામે જુ લોન એગ્રીમેન્ટ રજુ કરવામાં આવેલ છે તે સામાન્ય વ્યકિત સમજી શકે નહિ ?

જવાબ – એવુ જરૂરી નથી સમજી પણ શકતા હોય.

એ વાત સાચી છે કે, હાલની ફરીયાદમાં જે લોન એગ્રીમેન્ટ નંબર જણાવેલ છે તેનો ઉલ્લેખ હાલના કામે રજુ કરવામાં આવેલ તમામ હપ્તા એસ.ઓ.એ. માં દર્શાવેલા નથી. એ વાત સાચી નથી કે, તેમના લોન એગ્રીમેન્ટના ફકરા ક્રમાંક ૨.૭, ૮.૩, ૧૩.૫, ૧૩.૧૦ મુજબ આરોપી પાસેથી લોન આપતી વખતે સિકયુરીટી પેટે પોસ્ટ ડેટેડ ચેક લીધેલા છે. એ વાત સાચી છે કે, તેમના લોન એગ્રીમેન્ટના પાના નંબર ૧૩ ઉપર વીટનેસ ની વિગતોમાં કોઈની સહી લીધેલ નથી.

સવાલ – તમે કહેવાતા લોનની રકમ આરોપીના બેંક ખાતામાં નાખી હોય તેમ બનેલ નથી ?

જવાબ – આરોપીના જુના લોન ખાતામાં રકમ ટ્રાન્ફર થયેલી છે.

સવાલ – લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ કમ્પ્યુટરમાં કોના ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે તે તમે જાણો છો ?

જવાબ – આ સિસ્ટમ જનરેટેડ છે.

સવાલ – સિસ્ટમ ચલાવવા માટે પણ ઓપરેટર અથવા વ્યકિત હોય છે ?

જવાબ – હા એ વાત સાચી છે.

એ વાત સાચી નથી કે, તેમની કંપની ગ્રાહકો પાસેથી વસુલાત લેવા માટે એજન્સી રાખે છે. સાક્ષી જણાવે છે કે, કંપનીના માણસો ધ્વારા જ વસુલાત કરવામાં આવે છે.

સવાલ – તમારા કંપનીના માણસો જયારે વસુલાત માટે જાય ત્યારે કોઈપણ વ્યકિતને રકમ સ્વીકારે ત્યારે રસીદ આપે છે ?

જવાબ – કંપનીના માણસો પાસે મોબાઈલની અંદર ઓનલાઈન રસીદ આપવા માટેની વ્યવસ્થા છે. જેમ કોઈ વ્યકિત પૈસા આપે ત્યારે તેમના ઉપર પૈસા મળેલ હોવા અંગેની રસીદ એસ.એમ.એસ.થી જતી રહે છે.

એ વાત સાચી છે કે, જયારે કોઈ માણસ વસુલાત માટે જાય ત્યારે જો તે સિસ્ટમમાં એન્ટ્રી નાંખે તો જ રકમ મળેલી દર્શાવે છે. એ વાત સાચી છે કે, તેમની ઓફીસમાં સીસીટીવી કેમેરા છે.

સવાલ – તમે તમારી સરતપાસમાં તકરારી ચેક ગઈ તારીખ ૨૨ માર્ચ ૨૦૨૧ ના રોજ તમારા ઓફીસમાં આવીને આરોપી ધ્વારા આપવામાં આવેલ છે, તો શું તમે તે દિવસનું સીસીટીવી ફુટેજ રજુ કરવા માટે ખુશી છો ?

જવાબ – કોઈપણ સીસીટીવી ફુટેજ ૩૦ દિવસ માટે જ રહે છે ત્યારબાદ સિસ્ટમમાંથી ડીલીટ થઈ જાય છે તેથી તે રજુ કરી શકાય નહી.

એ વાત સાચી છે કે, ગઈ તારીખ ૨૨ માર્ચ ૨૦૨૧ ના રોજ ચેક લેતી વખતે અલગથી કોઈ કરાર અથવા લખાણ કરવામાં આવેલ નથી. હાલના કામે ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૬૫ બી મુજબનું જે પ્રમાણપત્ર છે તે સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટમાં કોઈ છેડછાડ નથી તે બદલ આપવામાં આવેલ છે. તેઓ કમ્પ્યુટરનું સામાન્ય જ્ઞાન ધરાવે છે.

સવાલ – આજે સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ તમે જે સોફટવેરમાંથી પ્રાપ્ત કરેલ છે તે સોફટવેર કયું છે ?

જવાબ – આ તેમની કંપની ધ્વારા તેમને આપવામાં આવેલ સોફટવેર છે.

સવાલ – તમારી કંપનીની અંદર જે કમ્પ્યુટર હોય તેનું બધા જ લોકો ઉપયોગ કરતા હોય ?

જવાબ – પ્રત્યેક કર્મચારી માટે અલગ અલગ કમ્પ્યુટર સિસ્ટમ આપવામાં આવેલ છે.

એ વાત સાચી નથી કે, હાલના કામે રજુ કરવામાં આવેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫ બી મુજબનું પ્રમાણપત્ર ખોટુ લખવામાં આવેલ છે. એ વાત સાચી નથી કે, નોટીસની અંદર ખોટા ખર્ચ અને ઉંચા વ્યાજદર જણાવેલા છે. એ વાત સાચી છે કે, હાલના કામે તેમણે જે તેમની કંપની ધ્વારા તેમને આપવામાં આવેલ ઓળખકાર્ડ રજુ કર્યું છે તેમાં તેમનો હોદ્દો જણાવવામાં આવેલ નથી.

સવાલ – હાલના કામે જે ચેક રજુ છે તેમાં સહી ડાર્ક પેનથી અને બાકીનું લખાણ લાઈટ પેનથી થયેલ હોવાનું જણાઈ આવે છે ?

જવાબ – મને તેમ જણાતું નથી.

એ વાત સાચી છે કે, ચેકની પાછળ વાહનનો નંબર અને એગ્રીમેન્ટ નંબર પણ લખેલો છે. એ વાત સાચી નથી કે, ચેકની અંદર આવેલ સહી સિવાયનું લખાણ તેમની ઓફીસના કર્મચારીએ લખેલું છે.

સવાલ – તકરારી ચેક દેખાવમાં જુના જેવો લાગે છે ?

જવાબ – ત્રણ વર્ષથી કોર્ટના રેકોર્ડમાં પડેલો છે.

એ વાત સાચી છે કે, હાલના કામે ચેક જમા કરવા માટેની જે પાવતી આવે છે તે રજુ કરવામાં આવેલ નથી. એ વાત સાચી છે કે, હાલના કામે ચેક પરત થયા પછી આપવામાં આવેલ નોટીસમાં અસીલ તરીકે તેમનુ નામ આવેલ નથી.

સવાલ – આ કામના આરોપીને ચેક પરત થયા પછી નોટીસની બજવણી થઈ ગયેલ છે તે દર્શાવવા માટે એકનોલેજમેન્ટ રજુ કરવામાં આવેલ નથી ?

જવાબ – ટ્રેકીંગ રીપોર્ટ રજુ છે.

એ વાત સાચી છે કે, ટ્રેકીંગ રીપોર્ટની અંદર પોસ્ટ ખાતાનો કોઈ સહી કે સિકકો આવેલ નથી. એ વાત સાચી નથી કે, હાલના કામે આવેલ તકરારી ચેકમાં અમે ખોટી રીતે રકમ ભરી દીધેલ છે, વસુલ લેવામાં આવેલ હપ્તાઓ બાદ કરેલ નથી અને ઉંચો વ્યાજ દર લગાવેલ છે. એ વાત સાચી નથી કે, તકરારી છે કે નહી ખોટી રીતે બેંકમાં રજુ કરી ખોટો રીટર્ન મેમો પ્રાપ્ત કરેલો છે. એ વાત સાચી નથી કે, આરોપીને કાયદેસરની નોટીસની બજવણી ન કરેલ હોવા છતાં ખોટી રીતે હાલની ફરીયાદ રજુ કરેલ છે. એ વાત સાચી નથી કે, તેમની ફાઈનાન્સ કંપની ચેકમાં લખેલ રકમ વસુલ લેવા માટે કાયદેસર રીતે હકકદાર નથી.

**(૧૪)** સૌપ્રથમ બચાવની વિગત ધ્યાને લઈ ફરીયાદીની ફરીયાદની તથા સરતપાસની વિગત વંચાણે લેતાં ફરીયાદી ધ્વારા જણાવેલ છે કે,ફરીયાદી સંસ્થા કંપની એકટ હેઠળ નોંધાયેલી કંપની છે. તેની રીજીયોનલ ઓફીસ સુરત ખાતે તથા બ્રાન્ચ ઓફીસ રાજપીપળા ખાતે પણઆવેલ છે. વધુમા ફરીયાદી સંસ્થા વતી તેના જવાબદાર અધિકારી તથા પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે ફરીયાદ દાખલ કરેલ છે. જેના બચાવમા આરોપી તરફે સૈપ્રથમ બચાવ લીધેલ છે કે, આ કામના ફરીયાદીને હાલની ફરીયાદ દાખલ કરવા માટે બોર્ડ ઓફ ડીરેકટર્સ ધ્વારા પી.ઓ.એ.ને સત્તા આપવામા આવેલ નથી, જેના સમર્થનમા આરોપી તરફે જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ તેમની આંક –૪ ની ઉલટતપાસમા સ્વીકારેલ છે કે, હાલના કામે જે પાવર ઓફ એટર્ની તેમણે રજુ કરેલ છે તે તેમની કંપનીના કંપની સેક્રેટરી ધ્વારા આપવામાં આવેલ છે. આ પાવર ઓફ એટર્ની લખાતુ હતુ તે દરમિયાન તેઓ તે સ્થળે ઉપસ્થિત થતા નહીં, ફરીયાદીને સવાલ

કરેલ છે કે, તમે કંપની સેક્રેટરીને આ બાબતે સાક્ષી તરીકે તપાસવા માટે ખુશી છો ? તેના જવાબમા તેઓએ જણાવેલ છે કે, તે બાબતે મને પુછવુ પડશે. તેઓએ ઉલટતપાસમા સ્વીકારેલ છે કે, કંપની સેક્રેટરી કંપનીના માલિક ગણાય નહી, આ પાવર ઓફ એટર્નીનો જે સ્ટેમ્પ છે તે કંપની સેક્રેટરી અથવા તેમના નામનું લેવામાં આવેલ નથી, પાવર ઓફ એટર્ની તેમની હાજરીમાં કરવામાં આવેલ નથી તેથી તેના સાક્ષી કોણ હતા તે બાબતે તેઓ જાણે નહી, આ પાવર ઓફ એટર્નીમાં પ્રત્યેક પાના ઉપર તેમની સહી આવેલ નથી, આ પાવર ઓફ એટર્નીમાં પાવર આપનાર કંપની સેક્રેટરીનો ફોટો કે તેમનો આઈડી પ્રુફ આવેલ નથી. ફરીયાદીને સવાલ કરેલ છે કે, આ પાવર ઓફ એટર્ની માત્ર આ જ આરોપી લગત કેસ માટે કરવામાં આવેલ છે તેવું ઉલ્લેખ નથી ? તેના જવાબમા જણાવેલ છે કે, નાજી તેવો ઉલ્લેખ નથી. આવું પાવર ઓફ એટર્ની પ્રત્યેક શાખા દીઠ આપવામાં આવે છે જેમાં તે શાખા ધ્વારા જે કોઈ કેસો કરવાના થતા હોય તેમાં તે મુકી શકાય. સવાલ – આ પાવર ઓફ એટર્ની જે નોટરી વકીલ રૂબરૂ કરવામાં આવેલ છે શું તમે તે નોટરી વકીલને સાક્ષી તરીકે તપાસવા ખુશી છો ? જવાબ – હાજી.એ વાત સાચી છે કે, તેમણે હાલના કામે અસલ પાવર ઓફ એટર્ની રજુ કરેલ નથી તે ઝેરોક્ષ છે.

આ વિગત ધ્યાને લઈ ફરીયાદ દાખલ કરનાર અધિકારીશ્રીની ઉલટતપાસની વિગત વંચાણે લેતા તેઓ ધ્વારા ઉપરોકત હકીકતો કબુલ રાખવામા આવેલ છે. કે, આ કામે પાવર ઓફ એટર્ની તેમની કંપનીના સેક્રેટરીએ આપેલ છે, જયારે પાવર એટર્ની થયેલી ત્યારે આ સાહેદ હાજર નહોતા તે માત્ર લેવા માટે ગયેલા. કંપનીના સેક્રેટરીએ કંપનીના પગારદાર કર્મચારી કહેવાય. કંપની ધ્વારા કંપનીના સેક્રેટરીને હાલની પાવર ઓફ એટર્ની આપવાની સતા આપેલી હોય તે દર્શાવતો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ

નથી. બોર્ડ ઓફ ડીરેકટર ધ્વારા પાવર ઓફ એટર્ની આપવામા આવેલી નથી. આમ મૌખીક પુરાવાની આ વિગત વિચારણામા લેતા એવી હકીકત જણાઈ આવે છે કે, કંપની ધ્વારા કંપનીના સેક્રેટરીને હાલની પાવર ઓફ એટર્ની આપવાની સતા આપેલી હોય તે દર્શાવતો દસ્તાવેજી પુરાવો રજુ નથી. હાલની ફરીયાદ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડ ધ્વારા કરવામા આવેલી છે. ફરીયાદ કોણ કરી શકે ? એવી બાબત વિચારણામા લેતા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૪૨ માં ગુનાઓનુ કોગ્નીઝન્સ લેવા બાબતની વિગત જણાવવામા આવેલી છે આ વિગત વંચાણે લેતાં તેમાં જણાવવામાં આવેલ છે કે,ફોજદારી કાર્યરીતી સંહિતામાં ગમે તે મજકુર હોય તેમ છતાં કોઈપણ કોર્ટ ચેકના નાણા લેનાર ધ્વારા અથવા યથાપ્રસંગ ચેકના ધારક ધ્વારા લેખિતમાં ફરીયાદ કરવામાં આવી હોય તે સિવાય કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર કોઈ ગુનાનુ કોગ્નીઝન્સ લેવુ જોઈએ નહી તેવુ જણાવેલ છે.આ કામે ચેકના પેઈના કોલમમાં ફરીયાદી સંસ્થાના નામ છે.આ નામવાળી સંસ્થા કાનુની વ્યકિત છે આવી કાનુની વ્યકિતનુ પ્રતિનિધિત્વ જીવંત વ્યકિત ધ્વારા થતુ હોય છે. હાલની ફરીયાદ સંસ્થા વતી પાવર ઓફ એટર્ની હોલ્ડર મેહુલકુમાર ગણપતસિંહ રાઉલજી ધ્વારા દાખલ કરેલી છે. પાવર ઓફ એટર્ની કંપનીના સેક્રેટરી ધ્વારા આપવામા આવેલાની વિગત સ્વીકૃત વિગત છે.કંપની વતીથી સેક્રેટરીશ્રી ને ફરીયાદી સંસ્થાના બોર્ડ ઓફ ડીરેકટર ધ્વારા સત્તા અધિકાર આપી કંપની વતીથી અન્ય વ્યકિતને તેના વતીથી કામગીરી કરવા માટે સત્તા અધિકાર આપવામા આવેલ હોય તે રીતની હકીકત આ કામે જણાયેલી નથી. એલ.પી.ઈલેકટ્રોનીકસ પ્રા.લી. વિ.તીરૂપતિ ઈલેકટ્રો માર્કેટીંગ પ્રા.લી. ૨૦૧૩(૪) ક્રાઈમ્સ ૨૨૧ના કેસમા ના.ઓરીસ્સા હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદીને ફરીયાદ દાખલ કરવા માટે બોર્ડ ઓફ ડીરેકટરે અધિકૃત

કરેલ ન હોય ફરીયાદ ચાલવાતાત્ર નથી. આમ , આમ આ કામના ફરીયાદીને સક્ષમ ઓથોરીટી દ્વારા પી.ઓ.એ.ને સત્તા આપવામા આવેલ હોય તેવો કોઈ  પુરાવો રજુ પુરાવાઓમા જણાઈ આવતો નથી.

વધુમાં આ બાબતે આરોપીપક્ષ તરફથી લેખિત દલીલમા જણાવેલ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ થયેલી ક્રિમીનલ અપીલ નં. ૨૧૫૭/૨૦૨૩મા ના. હાઈકોર્ટે ઠરાવેલ છે કે, પાવર ઓફ એટર્ની કંપનીના સેક્રેટરી દ્વારા આપવામા આવેલ છે, પાવર ઓફ એટર્ની કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર દ્વારા આપવામા આવેલ નથી. કંપનીની સેક્ર ેટરીને આવો પાવર ઓફ એટર્ની આપવાની સત્તા આપવામા આવેલ હોય તેવો કોઈ કં પનીનો ઠરાવ રજુ થયેલ નથી. પાવર ઓફ એટર્ની હોલ્ડરે જુબાની આપેલ છે તેઓની રૂબરૂમા વ્યવહાર થયેલ નથી અને તેના સાક્ષી પણ પણ. તેમને વ્યવહારની જાતમાહિતી નથી જેથી ના.સુપ્રિમ કોર્ટના કેસ એ.સી.નારાયણમા જણાવેલ સિધાંત અનુસાર પાવર ઓફ એટર્ની હોલ્ડર વ્યવહારનો સાક્ષી,એજન્ટ,પેઈ અથવા હોલ્ડર ઈન ડયુ કોર્સ અથવા વ્યાવહાર અંગેની જાતમાહીતી ધરાવતો હોવો જ જોઈએ. હાલના કેસમા પણ પાવર ઓફ એટર્ની કંપનીના સેક્રેટરી દ્વારા આપવામા આવેલ છે. પાવર ઓફ એટર્ની અંપનીના બોર્ડ ઓફ ડીરેકટર દ્વારા આપવામા આવેલ નથી. કંપનીના સેક્રેટરીને આવો પાવર ઓફ એટર્ની આપવાની સત્તા આપવામા આવેલ હોય તેવો કોઈ કંપનીનો ઠરાવ રજુ થયેલ નથી. પાવર ઓફ એટર્ની સમયે ફરીયાદી હાજર ન હતા. આ કામના ફરીયાદીની રૂબરૂમા કહેવાતો વ્યવહાર (લોન એગ્રીમેન્ટ) થયેલ નથી અને તેના સાક્ષી પણ નથી. લોન આપવાની કામગીરી પોતે કરેલ નથી તેમને વ્યવહારની જાતમાહિતી નથી.

સદર ક્રિમીનલ અપીલ નં. ૨૧૫૭/૨૦૨૩ કેસનો ચુદાદો વંચાણે લઈએ તો તેમા

જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, દાહોદ દ્વારા આરોપીને નિર્દોષ છોડવામા આવેલ હતા અને તે કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશ્યલ લીવ પીટીશન દાખલ થયેલ હતી. તે કામે નામદાર હાઈકોર્ટ દ્વારા અવલોકન કરવામા આવેલ છે કે,

4.4. Indisputably, the power of attorney is not issued by the Director or Head of the Company. No cogent material has been placed on record in the form of any resolution being passed by the company authorizing the said Company Secretary to delegate the powers to lodge the complaint or to sign the power of attorney on behalf of the company. The true copy of the power of attorney has been placed on record in the present appeal wherein from the examination of the contents of the said power of attorney, the reference being made to the resolutions passed by the Board of Directors conveyed on 9.11.2015 and 29.10.2015 appears. However, the fact remains that the aforesaid resolutions have not been placed on record before the learned Magistrate nor before this Court. Considering the cross examination of the applicant- power attorney holder who has appeared to depose on behalf of complainant company, it transpires that he is neither witness to the transaction nor has any personal knowledge with regard to transaction.

4.5. The learned Magistrate has rightly taken into consideration the principle laid down by the Hon’ble Supreme Court in the case of A C Narayanan (supra) wherein the Court has categorically held that though the power of attorney holder can certainly deposed on behalf of the company, however, the power of attorney must witness the transaction as an agent of the payee or holder in due course or must possess due knowledge regarding the said transaction.It is also expected from the complainant to make specific assertions about the knowledge of the power of attorney holder in respect of such transaction,

explicitly in the complaint. The Hon’ble Supreme Court has further held that in absence of such averrments being made, the power of attorney holder who has no knowledge with regard to such transaction, cannot be examined as witness in the said case. In light of the aforesaid observations of the Hon’ble Supreme Court and having noticed the averments made in the original complaint, this Court is convinced that the learned Magistrate has rightly proceeded to pass the order of acquittal.
5. Hence, no arguable case is made out and present application seeking leave to appeal is hereby refused. Thus, present application stands rejected.

આરોપી તરફે દલીલ છે કે, સર્વોચ્ચ અદાલતના એ.સી.નારાયણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રનો ન્યાયીક નિર્ણયમા જણાવેલ છે કે,પાવર ઓફ એટર્ની હોલ્ડર વ્યવહારનો સાક્ષી, એજન્ટ, પેઈ અથવા હોલ્ડર ઈન ડયુ કોર્સ અથવા વ્યવહાર અંગેની જાતમાહીતી ધરાવતો હોવો જોઈએ જે હાલના કેસમા નથી. સદર ચુકાદો વંચાણે લઈને તો પેરા ૨૬ માં અવલોકન કરેલ છે કે,

**(i)** Filing of complaint petition under Section 138 of N.I Act through power of attorney is perfectly legal and competent.
**(ii)** The Power of Attorney holder can depose and verify on oath before the Court in order to prove the contents of the complaint. However, the power of attorney holder must have witnessed the transaction as an agent of the payee/holder in due course or possess due knowledge regarding the said transactions.

**(iii)** It is required by the complainant to make specific assertion as to the knowledge of the power of attorney holder in the said transaction explicitly in the complaint and the power of attorney holder who has no knowledge regarding the transactions cannot be examined as a witness in the case.

**(iv)** In the light of Section 145 of N.I Act, it is open to the Magistrate  to rely upon the verification in the form of affidavit filed by the complainant in support of the complaint under

Section 138 of the N.I Act and the Magistrate is neither mandatory obliged to call upon the complainant to remain present before the Court, nor to examine the complainant of his witness upon oath for taking the decision whether or not to issue process on the complaint under Section138 of the N.I. Act.

**(v)** The functions under the general power of attorney cannot be delegated to another person without specific clause permitting the same in the power of attorney. Nevertheless, the general power of attorney itself can be cancelled and be given to another person.

આમ સદર ન્યાયિક નિર્ણયમાં અવલોકન કરવામા આવેલ બાબત ઘ્યાને લેતાં, The Power of Attorney holder can depose and verify on oath before the Court in order to prove the contents of the complaint. However, the power of attorney holder must have witnessed the transaction as an agent of the payee/holder in due course or possess due knowledge regarding the said transactions. આમ સદર ન્યાયીક નિર્ણયમાં પાવર ઓફ એટર્ની કયારે ફરીયાદ કરી શકે, કયારે જુબાની આપી શકે તે પ્રસ્થાપિત કરેલ છે.હાલના કેસમાં એટર્ની માહિતગાર હોવા બાબતે ફરીયાદ તથા સોગંદપરના પુરાવાએ જણાવવામાં આવેલ છે કે,આરોપીએ ફરીયાદી પાસ ેથી લોન લીધેલ, રજુ કરેલા દસ્તાવેજથી તેઓ વાકેફ છે.ઉલટતપાસની વિગતે સદર સાહેદ દ્વારા કબુલ રાખવામાં આવેલ છે કે, આરોપીને લોન આપવાની કામગીરી તેઓ દ્વારા કરવામાં આવેલ નથી.લોન એગ્રીમેન્ટ સમયે તેઓ હાજર ન હતા.હાલનો કેસ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેનો કેસ છે ત્યારે અને મુખ્ય આધારીત પુરાવા જયારે લોન લ ેવા સબંધે છે ત્યારે ફરીયાદ કરનાર દ્વારાજ લોન આપવાના દસ્તાવેજ તૈયાર કરવામાં આવે અને તેમની હાજરીમાંજ આવી વિગતના દસ્તાવેજ તૈયાર થાય તેવો આગ્રહ હરહંમેશ

અદાલત રાખી શકે નહી.કારણ કે કોઈ સંસ્થા ફાયનાન્સ કે બેંકીંગનુ કામકાજ કરતી હોય ત્યારે તેમાં એક કરતાં વધારે વ્યકિત ફરજ બજાવતા હોય અને તેવા દરેક વ્યકિતની હાજરી લોનના દરેક દસ્તાવેજ થાય તે સમયે જરૂરી ન પણ હોય આમ લોન લેવા બાબત તકરારી બાબત નથી ત્યારે તે વિગત ધ્યાને લઈ જયારે પાવર ઓફ એટર્ની સબંધમાં પાવર ઓફ એટર્ની આપનારને મુખ્ય સંસ્થા ધ્વારા અન્ય વ્યકિતને પાવર આપવા સત્તાઅધિકાર આપેલ હતા તેવી વિગતનો પુરાવો રજુ પુરાવાની વિગતે જણાઈ આવતો નથી. આમ કંપની વતી ફરીયાદ કરવામાં આવતી હોય ત્યારે સક્ષમ / સમર્થ/સત્તા ધરાવતા યોગ્ય વ્યકિત વતી ફરીયાદ કરી શકે.આ કામે ફરીયાદ કંપની વતી થયેલ છે ત્યારે કંપની વતી ફરીયાદ કરેલ તે અધિકારીને કંપનીના ઓથોરાઈઝ કરેલ વ્યકિતએજ પાવર/સત્તા અધિકાર આપેલ હતા તેવી વિગતનો સ્પષ્ટ ચોકકસ આધાર રજુ પુરાવાએ જણાઈ આવતો નથી. આવા સત્તા અધિકારને પડકારેલ હોય ત્યારે તેવી બાબત સબંધમાં પાવર આપનાર અધિકારી કે કંપનીના સત્તા આપનાર અધિકારીશ્રી ધ્વારા પુરાવા રજુ કરી આવી બાબત સબંધની વિગત કાયદાકીય રીતે માન્ય થાય તેવા પુરાવા રજુ કરેલ પુરાવાઓથી જણાઈ આવતુ નથી ત્યારે આરોપીપક્ષનો સદર બચાવ માનવાને કારણ બને છે.

**(૧૪.૨)** હાલના ચાલુ કેસ દરમ્યાન ફાઈનાન્સ કંપનીએ વાહનને રીપઝેશ (ફરી કબજો) કરી થર્ડ પાર્ટીને વેચાણ કરી દીધેલ છે, આથી કરારનો અંત આવેલ ગણાય, માલીક અને ભાડે રાખનાર વચ્ચેનો હાયર પરચેઝ (ભાડા ખરીદ) ના કરાર વખતે માલીકે લીધેલ ચેક અવેજ વગરના ગણાય જેથી નેગો. ઈ.એકટ–૧૩૮નો ગુનો બનતો નથી. પડેલ પુરાવો ધ્યાને લેતા જે વાહન પર લોન આપવામાં આવેલ તે વાહન તેમની કંપનીએ જપ્ત કરેલ છે.તે બાદ વાહન જમા કરાવેલ તેવુ જણાવેલ છે.

આરોપી સ્વેચ્છાએ વાહન જમા કરાવી ગયેલ હોય તેવી વિગતનો પુરાવો રજુ થયેલ નથી. વાહન કંપનીએ લીગલ પ્રોસીજર મુજબ હરાજી કરી દિધેલ છે તે હરાજી બાબતની નોટીસ રજુ રાખેલ નથી. હરાજીની રકમ સ્ટેટમેન્ટમાં જમા કરેલ તેવુ જણાઈ આવતુ નથી, હરાજીના તથા હરાજીમાં જે વ્યકિતએ વાહન લીધેલ તે દસ્તાવેજ રજૂ થયેલ નથી. આમ જયારે આરોપી લોન લીધેલ વાહનની હરાજી તથા હિસાબ ચેલેન્જ કરે છે ત્યારે તે સબંધમાં ફરીયાદપક્ષ તેમના વધુ પુરાવા રજુ કરીને કે રજુ પુરાવા આધારે કાયદેસરની રકમ સબંધની વિગતો અદાલત માને તે રીતની વિગતો થકી દર્શાવી શકેલ નથી. વધુમાં જયારે વાહન હરાજી થઈ ગયેલ છે ત્યારે તે બાદ લોનના બાકી નાણા કરારની વિગત મુજબ કાયદેસર રીતે લેવાના નીકળે તેવી વિગત કે બાકી નીકળતી લોન તથા વ્યાજદરની રકમ સબંધમાં જુનો કરાર ચાલુ રહેતો હતો અને તેવી રકમ સબંધે આ ફરીયાદ ચાલુ રહે છે તેવી વિગતવારની હકીકતો ફરીયાદપક્ષે સાબિત કરતો પુરાવો રજુ કરેલ નથી.

**(૧૪.૩)** આરોપીપક્ષનો બચાવ છે કે, ફરીયાદીનુ આરોપી પાસે કાયદેસરનુ લેણુ નથી તથા લોનની રકમની ભરપાઈ થઈ ગયેલ છે તે સબંધે છે.આ બચાવ સબબ રજુ પુરાવો વં ચાણે લેતાં ફરીયાદ તથા સરતપાસની વિગતે જણાવવામાં આવેલ છે કે,આરોપી દ્ધારા ફરીયાદીની ઓફીસે આવી તેમની બાકી પડતી રકમ સબંધે તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજનો તકરારી ચેક આંક.૨૨વાળો આપેલ.આ ચેક બેંકમાં ભરવામાં આવેલ અને તેના નાણા મળેલ નથી.સદર બચાવની વિગત નજર સમક્ષ રાખી ફરીયાદીની ઉલટતપાસની વિગત વંચાણે લેતાં તેમાં જણાયેલ છે કે,સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટમાં રીસીપ્ટના કોલમમાં આરોપીએ જે રકમ આપેલ છે તે દર્શાવેલી છે.

**(૧૪.૪)** વધુમા,આરોપીપક્ષ દવારા એવો બચાવ લીધેલ છે કે,રજુ થયેલા દસ્તાવેજી

આધારો કોમ્પયુટરાઈઝડ દસ્તાવેજ છે.આવા દસ્તાવેજો પુરવાર થવા સબંધે ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈ અનુસાર કલમ ૬પ બી મુજબનુ પ્રમાણપત્ર રજુ રાખેલ છે પરંતુ ફરીયાદીએ પુરાવા સાથે ચેડા કરેલ છે અને સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટના દસ્તાવેજો રકમો અલગ અલગ પ્રકારની જણાવેલ હોય તેવુ પ્રમાણપત્ર ખોટુ રજુ કરેલાનુ જણાવેલ છે. આવી વિગત સંબંધે રેકર્ડે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા ફરીયાદી સંસ્થા ધ્વારા આરોપીને લોન આપવામા આવેલ તે સંબંધના આરોપીના લોન ખાતાના સ્ટેટમેન્ટના દસ્તાવેજ રેકર્ડ પર બે વાર રજુ થયેલ છે.ફરીયાદી કંપનીના સાહેદની ઉ.ત.માં સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ સીસ્ટમ જનરેટેડ હોવાની વિગત જણાવેલ છે.વધુમાં સદર કોમ્પ્યુટર જનરેટેડ સ્ટેટમેન્ટના સોફ્ટવેર કંપની ધ્વારા આપતા હોવાનુ જણાવેલ છે, આ સોફ્ટવેર કોણ ડેવલપ કરે છે કયુ સોફ્ટવેર છે તેવી વિગત કલમ ૬પ(બી)ના પ્રમાણપત્રની વિગતે જણાવેલ ન હોય તેટલી વિગત થકી આરોપીનો સદર બચાવ પુરવાર થતો હોવાનુ માની શકાય નહી.

આરોપી પક્ષ તરફેની રજુઆત વંચાણે લેવામા આવી તે સાથે ન્યાયીક નિર્ણય વં ચાણે લીધા.સદર ન્યાયીક નિર્ણયોના કામે નામ.સર્વોચ્ચ અદાલત તથા નામ.ઉચ્ચ અદાલત દ્વારા અવલોકન કરવામાં આવેલી બાબત ધ્યાને લીધી,કાનુની અનુમાન નુ ખંડન થવા માટે પ્રોબેબલ બચાવ રેકર્ડ ઉપર આવવા બાબત સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ બાબતે માત્ર સં ભવિતતા નહી પરંતુ રેકર્ડ ઉપર આવેલા પુરાવાથી ઉપસ્થિત થતા સંજોગો ધ્યાને લેવા બાબત ધ્યાને લીધી. બુકસ ઓફ એકાઉન્ટ રજુ કરવા સબંધે અને ન કરવા સબં ધે અવલોકન કરેલી બાબત તથા તે થકી થનારી અસર,કાયદેસરનુ વસુલ કરવા પાત્ર દેવુ, તેનુ અસ્તિત્વ અને તેવા દેવા સબંધે ઉપસ્થિત થતા કાનુની અનુમાન નુ ખંડન કરવા

માટે રેકર્ડ ઉપર લાવવાના પુરાવા તથા સંજોગો સબંધે અવલોકન કરેલી બાબતો ધ્યાને લીધી.

**(૧૪.૫)** આરોપીપક્ષે અન્ય બચાવ લેવામા આવેલ છે કે નોટીસની બજવણી થયેલી નથી તે સબંધે છે.આ બચાવની વિગત ધ્યાનમા લઈ વિચારણા કરતા ફરીયાદી દવારા ચેક પરત ફરતા આરોપીને જે નોટીસ આપવામા આવેલ તે રજીસ્ટર્ડ પોસ્ટ એડીથી મોકલવામા આવેલી તેવો પોષ્ટ ખાતાનો સીકકા વાળો અસલ પુરાવો રજુ થયેલ છે તે સંબંધમાં તેવી ટપાલની બજવણી થવા સંબંધમાં પોષ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેક રીપોર્ટ રજુ થયેલ છે જેમા “Item Delivered**”** વિગત જણાવવામા આવેલ છે.વધુમાં નોટીશનો અસલ દસ્તાવેજ ધ્યાને લેતા તેમા આરોપીનુ જે સરનામુ જણાવવામા આવેલ છે તે જ સરનામુ હાલની ફરીયાદના કામે જણાવામા આવેલ છે.આંક–૨૧થી પ્લી રેકર્ડ કરવામા આવેલ છે તેમા આરોપીનુ સરનામુ ફરીયાદ તથા નોટીશમા જણાવવામા આવેલ છે તે જ છે.વધુમાં આરોપીપક્ષના જણાવ્યા મુજબની વિગત તેઓ ધ્વારા અલગથી સ્વતંત્ર પુરાવો રજુ કરેલ નથી કે રજુ કરેલા પુરાવાના ખંડન થઈ તેવી વિગત પુરવાર થયાનુ અદાલત માને તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલા નથી.વધુમા રજુ થયેલા સમગ્ર પુરાવો ધ્યાને લેતા રજુ સરનામે આરોપી રહેતા નથી કે તેઓને નોટીસની બજવણી થયેલી નથી તેવી વિગત પુરવાર થતી હોય તે રીતની વિગત જણાયેલ નથી.વધુમા આ વિગત ધ્યાને લઈ આ સબંધમા નામ.સર્વોચ્ચ અદાલતના C. C. Alavi haji v/s. Palapetty Muhammed (2007) 14 SCC- 750 ના ન્યાયિક નિર્ણયના અવલોકન ધ્યાને લેતાં તે નીચ મુજબ છે,

(10) It is, thus, Trite to say that *where the payee dispatches the notice by registered post with correct address of the drawer of the cheque, the principle incorporated in Section 27 of the G. C. Act would be attracted*; *the requirement of Clause (b) of proviso to Section 138 of the Act stands complied with* *and cause of action to file a complaint arises on the expiry of the period prescribed in Clause (c) of the said proviso for payment by the drawer of the cheque*. Nevertheless, it would be without prejudice to the right of the drawer to show that he had no knowledge that the notice was brought to his address.

(17) It is also to be borne in mind that the requirement of giving of notice is a clear departure from the rule of Criminal Law, where there is no stipulation of giving of a notice before filing a complaint. *Any drawer who claims that he did not receive the notice sent by post, can, within 15 days of receipt of summons from the court in respect of the complaint under Section 138 of the Act, make payment of the cheque amount and submit to the Court that he had made payment within 15 days of receipt of summons ( by receiving a copy of complaint with the summons ) and, therefore, the complaint is liable to be rejected. A person who does not pay within 15 days of receipt of the summons from the Court along with the copy of the complaint under Section 138 of the Act, cannot obviously contend that there was no proper service of notice as required under Section 138, by ignoring statutory presumption to the contrary under Section 27 of the G.C. Act and Section 114 of the Evidence Act. In our view, any other interpretation of the proviso would defeat the very object of the legislation.* As observed in Bhaskarans case (supra), if the giving of notice in the context of Clause (b) of the proviso was the same as the receipt of notice a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by adopting different strategies and escape from legal consequences of Section 138 of the Act.

આમ,સદર ન્યાયિક નિર્ણયમાં એકટની કલમ–૧૩૮ (બી) સંદર્ભે પ્રસ્થાપિત કરેલ કાયદાના સિધ્ધાંત ધ્યાને લેતા તે હકીકત સ્પષ્ટ છે કે,હાલની જોગવાઈ અન્વયે ફરીયાદીએ આરોપીના સાચા અને ખરા સરનામે સમય મર્યાદામાં રજીસ્ટર પોસ્ટ એડીથી નોટીસ ઈસ્યુ કરવી માત્ર તેટલી જ ફરજ બની રહે છે. જો એક વખત ફરીયાદી આ રીતે પોતાની ફરજ અદા કરવામાં સફળ રહે તો તેથી વિરૂધ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર આવે છે.વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા એવુ પણ પ્રસ્થાપિત કરેલ છે કે, જો ફરીયાદી આરોપીના સાચા અને ખરા સરનામે કાનુની નોટીસ મોકલે તો જનરલ કલોઝીસ એકટની કલમ–૨૭ મુજબ અનુમાન કરવાનુ રહે છે અને તે અન્વયે આરોપીને તે નોટીસ મળી ગયેલ હોવાનું માનવાનુ રહે છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટે તેવુ પણ પ્રસ્થાપિત કરેલ છે કે, હાલની જોગવાઈનો હેતુ ધ્યાને રાખી હળવો અભિગમ દાખવવાનો રહે છે.જો કોઈ ચેકના ડ્રોઅર તેને કાનુની નોટીસ મળેલ નથી તેવો બચાવ લઈને આવે ત્યારે આ સંજોગોમાં ફરીયાદનો સમન્સ તેને મળ્યે થી દિન–૧૫ માં સમન્સ અથવા ફરીયાદની કોપી લઈ અદાલતમાં હાજર રહી જો તે રીટર્ન થયેલ ચેકના નાણાં ફરીયાદીને ચુકવી ન આપે અથવા ફરીયાદીને ચુકવવાના હેતુથી કોર્ટમાં જમા ન કરાવે, તો ટ્રાયલ દરમ્યાન નોટીસની બજવણી થયેલ ન હોવાનો બચાવ લેવા તે ચેકના ડ્રોઅરને અધિકાર રહેતો નથી. હાલના કેસમાં પણ તે હકીકત સ્પષ્ટ છે કે ફરીયાદીએ આરોપીના સાચા અને ખરા સરનામે સમય મર્યાદામાં નોટીસ મોકલાવેલ છે.જેથી પ્રથમ દૃષ્ટિએ નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદીએ એકટની કલમ–૧૩૮ (બી) ની જોગવાઈ અનુસાર પોતાની ફરજ અદા કરેલ છે. વધુમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ સાથે વંચાણે લેતા જનરલ કલોઝીસ એકટની

કલમ– ૨૭ ની જોગવાઈ ધ્યાને લેતા ફરીયાદી ધ્વારા મોકલવામાં આવેલ કાનુની નોટીસ રૂટીન કોર્સ ઓફ બીઝનેશમાં આરોપીના સાચા અને ખરા સરનામે જ બજવણી થયેલ હશે તે હકીકતનું અનુમાન કરવાનું રહે છે. આમ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આરોપીપક્ષનો નોટીસ બજવણી થયેલ ન હોવાનો બચાવ અત્રેની અદાલતને માનવાપાત્ર જણાયેલ નથી.

**(૧૫)**.. આમ રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન અને લેખિત તેમજ મૌખિક દલીલોને ધ્યાને લેતા, આ કામે ફરીયાદપક્ષ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈમાં જણાવ્યા અનુસાર કાયદેસરના લેણા બાબતની જોગવાઈ અનુસારનુ લેણુ ચેકમાં જણાવેલ તારીખે આરોપી પાસે ફરીયાદીને લેવાનુ થતુ હતુ તે વિગત પુરાવાની વિગતથી ફરીયાદની હકીકતો પુરવાર કરવામાં સફળ રહેલા હોવાનું માનવાને કારણ બને છે પરંતુ આરોપીને લોન આપવાની કામગીરી હાલના ફરીયાદી ધ્વારા કરવામાં આવેલ ન હોય, લોન એગ્રીમેન્ટ સમયે તેઓ હાજર ન હોય, હાલનો કેસ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેનો કેસ છે ત્યારે અને મુખ્ય આધારીત પુરાવા જયારે લોન લેવા સબંધે છે ત્યારે ફરીયાદ કરનાર ધ્વારાજ લોન આપવાના દસ્તાવેજ તૈયાર કરવામાં આવે અને તેમની હાજરીમાંજ આવી વિગતના દસ્તાવેજ તૈયાર થાય તેવો આગ્રહ હરહંમેશ અદાલત રાખી શકે નહી.કારણ કે કોઈ સંસ્થા ફાયનાન્સ કે બેંકીંગનુ કામકાજ કરતી હોય ત્યારે તેમાં એક કરતાં વધારે વ્યકિત ફરજ બજાવતા હોય અને તેવા દરેક વ્યકિતની હાજરી લોનના દરેક દસ્તાવેજ થાય તે સમયે જરૂરી ન પણ હોય. આમ લોન લ ેવા બાબત તકરારી બાબત નથી ત્યારે તે વિગત ધ્યાને લઈ જયારે પાવર ઓફ એટર્ની સબં ધમાં પાવર ઓફ એટર્ની આપનારને મુખ્ય સંસ્થા ધ્વારા અન્ય વ્યકિતને પાવર

આપવા સત્તા અધિકાર આપેલ હતા તેવી વિગતનો પુરાવો રજુ કરેલ પુરાવાઓથી જણાઈ આવતો નથી. આમ કંપની વતી ફરીયાદ કરવામાં આવતી હોય ત્યારે સક્ષમ / સમર્થ/સત્તા ધરાવતા યોગ્ય વ્યકિત વતી ફરીયાદ કરી શકે.આ કામે ફરીયાદ કંપની વતી થયેલ છે ત્યારે કંપની વતી ફરીયાદ કરેલ તે અધિકારીને કંપનીના ઓથોરાઈઝ કરેલ વ્યકિતએજ પાવર/સત્તા અધિકાર આપેલ હતા તેવી વિગતનો સ્પષ્ટ ચોકકસ આધાર રજુ કરેલ પુરાવાઓથી જણાઈ આવતો નથી. આરોપી તરફે ફરીયાદ કરવાની સત્તા અધિકારને ચેલેન્જ કરેલ છે ત્યારે ફરીયાદીને ફરીયાદ કરવાની સત્તા હતી તે બાબતે પાવર આપનાર અધિકારી કે કંપનીના સત્તા આપનાર અધિકારીશ્રી ધ્વારા પુરાવા રજુ કરી આવી સત્તા અધિકાર બાબતની હકીકત કાયદાકીય રીતે માન્ય રાખી શકાય તેવા પુરાવા હાલના કામે રજુ કરેલ પુરાવાઓથી જણાઈ આવતુ નથી ત્યારે આરોપીપક્ષનો સદર બચાવ પ્રથમ દર્શનીય માનવાને કારણ બને છે.આમ, ફરીયાદીને ફરીયાદ કરવાની સત્તા ન હતી તે બાબતે કાયદાકીય અનુમાનનું ખંડન થવા બાબતે પુરતો પુરાવો અને હકિકતની સં ભવિતતાનુ પ્રાબલ્ય જણાયેલ છે.આરોપી ધ્વારા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮માં જણાવ્યા મુજબનો ગુનો કરેલ હોવા બાબતે રજુ કરેલ પુરાવાઓના ગુણદોષ પર નહી જતા માત્ર ફરીયાદીને ફરીયાદ કરવાની સત્તા ન હતી તે પ્રથમ દર્શનીય સાબિત થતુ હોય  ત્યારે સમગ્ર ચર્ચાના પરિણામ સ્વરૂપ મુદ્દા નં–૧ નકારમાં ઠરાવવો યોગ્ય,ન્યાયી અને વ્યાજબી જણાઈ આવતો હોઈ નકારમાં ઠરાવવામાં આવે છે અને તેના પરીણામ સ્વરૂપ મુદ્દા નં. ૨ લગત નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

# :: આખરી હુકમ ::

**૧.** આ કામના આરોપી **શૈલેષભાઈ અર્જુનભાઈ વસાવા,** રહે. આદીવાસી ફળીયું, મુ. જેસલપોર, નાંદોદ, જી.નર્મદાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ ના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધીના રૂ.૧૦,૦૦૦/ (દસ હજાર )પુરાના જામીન તથા જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આરોપીએ ચાલુ કામે રજુ કરેલ જામીન તથા જામનખત રદ કરવા હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા. ૧૫ મી, માહે ડીસેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૫/૧૨/૨૦૨૫
સ્થળ:–રાજપીપળા

**(હસમુખભાઈ જયસંગભાઈ પરમાર)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નર્મદા, મુ.રાજપીપળા.
Judge code GJ 01467